ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380 014

પરિપત્ર

જા. નં. ૧૪૭૧/૧૫-૧૬ તા. ૨૭/૧/૧૬

**સૌ સેવકોની જાણ માટે**

**ઇન્કમટેક્ષ એક્ટ 1961ના કલમ 80CCD(1B) અંતર્ગત લાભ મેળવવા અંગે**

આથી ગૂજરાત વિદ્યાપીઠના સૌ સેવકોને જણાવવાનું કે જે સેવકો ન્યુ પેન્શન સ્કીમમાં જોડાયા છે, વર્ષ 2004 પહેલા નિમાયેલા જે સેવકોને પેન્શનનો લાભ મળવાપાત્ર છે અને જે સેવકો સીપીએફ યોજનામાં જોડાયેલા છે તેવા સૌ સેવકો જો ન્યુ પેન્શન સ્કીમમાં રોકાણ કરી શકે છે. આવા રોકાણ માટે ઇન્કમટેક્ષની કલમ 80 સી અંતર્ગત મળતી રૂ. 1,50,000 સુધી રાહત ઉપરાંત કલમ 80CCD(1B) અંતર્ગત રૂ.50,000 સુધી બાદ મળી શકશે.

જે સેવકો એનપીએસ યોજનામાં જોડાયેલા નથી તે સેવકોએ બેંકમાં એનપીએસ યોજનામાં જોડાવવા માટે ખાતું ખોલાવી PRAN નંબર મેળવવાનો રહેશે અને જે સેવકો એનપીએસ યોજનામાં જોડાયેલા છે તે તેઓ તેમના ખાતામાં રૂ.1,50,000 કરતા વધારાના રૂ.50,000નું રોકાણ કરી શકશે,

આ માટે સેવકોએ તેમની બેંકમાં સંપર્ક કરી તેમના દ્વારા કાર્યવાહી કરવાની રહેશે. આ યોજના અંતર્ગત 19 વર્ષથી 59 વર્ષની વ્યક્તિ ખાતું ખોલાવી શકશે. 60 વર્ષ પૂરા થયે રકમ ઉપાડી શકશે અથવા પેન્શન મેળવવાનો વિકલ્પ આપી શકશે. ઉપાડવામાં આવેલી રકમ ઉપર ઇન્કમટેક્ષ લાગુ પડશે. ફોર્મ તથા વધુ માહિતી માટે બેંકમાં સંપર્ક કરવો

(રાજેન્દ્ર ખીમાણી)

કુલસચિવ